ડીસાના કૂચાવાડા નજીક વહેલી પરોઢે ગોઝારો અકસ્માત : ચારનાં મોત

ડીસા

જીવન અને મૃત્યુ કુદરતના હાથમાં છે પરંતુ ઘરમાં માંગલિક પ્રસંગ વખતે જ પરિવાર

દુર્ઘટનાનો ભોગ બને અને પરિવારના સભ્યોની જિંદગી ઝુંટવાઈ જાય તો આવી ઘટનાઓ ખૂબ દર્દનાક પુરવાર થાય છે. બનાસકાંઠાના અમીરગઢનો મુસ્લિમ પરિવાર પણ કુદરતની કઈક આવી જ ખફા મરજીનો ભોગ બનતા આખું અમીરગઢ ગામ રીતસર હિબકે ચઢ્યું છે. ગઈરાત્રે બનાસકાંઠાના પાંથાવાડાથી મંડાર તરફ જતા હાઈવે રોડ પર કુચાવાડા ટોલપ્લાઝા પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટ્રેલરના ડ્રાઈવર અને ક્લીનર જીવતા ભડથું થયા હતા.

જ્યારે અકસ્માતનો ભોગ બનેલી સ્વીફ્ટ કારમાં બેઠેલા અમીરગઢના લગનાર્થી મુસ્લિમ પરિવારના પિતા અને પુત્રી પણ કાળનો કોળિયો બની જતા સમગ્ર જીલ્લામાં અરેરાટી મચી ગઈ છે.આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલ માતા પણ હાલ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.આ ગોઝારા અકસ્માતે એક સાથે ચાર લોકોના જીવનદીપ ઓલવી દેતા અરેરાટી મચી ગઈ છે.

બનાસકાંઠામાં અકસ્માતની ઘટનાઓ લગભગ રોજિંદી બની છે. આવી સ્થિતિમાં આજે વહેલી પરોઢે ડીસા તાલુકાના કૂચાવાડા ગામ નજીક સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં પણ ચાર લોકોના મોત થયા છે. જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થતાં તેમને

સારવાર અર્થે પાલનપુર ખસેડાયા છે. આ દર્દનાક દુર્ઘટનામાં બે ટ્રેલર અને સ્વીફ્ટ કાર વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાતા ટ્રેલરમાં આગ લાગી હતી. જેના કારણે ટ્રેલરના ડ્રાઈવર અને ક્લિનર કેબિનમાં જ જીવતા ભૂંજાઈ ગયા હતા. જ્યારે પોતાના પુત્રના લગ્ન કરી સ્વીફ્ટ ગાડીમાં પરત ફરી રહેલા અમીરગઢના મુસ્લિમ પરિવારના મુરાદખાન પઠાણ અને તેમની પુત્રી આયેશાબાનુંને પણ ગંભીર ઈજાઓ થતા તેમનાં પણ ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ ઘટનામાં મૃત્યુ પામેલ યુવતીની માતાને પણ ગંભીર ઈજાઓ થઈ છે અને હાલ સારવાર લઈ રહેલ માતા પણ જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યાં હોવાનું જાણવા મળ્યું છે.દુ:ખદ બાબત એ છે કે જે યુવતીનું આ ઘટનામાં મોત નોપજ્યું છે તેણીના પણ આવતીકાલે જ લગ્ન થનાર હતા. જો કે ભાઈના લગ્ન પતાવી પરિવાર સાથે પરત ફરી રહેલી આ યુવતી અને તેણીના પિતાનું મોત નીપજતા અમીરગઢના મુસ્લિમ પરિવારમાં લગ્નની ખુશીનો માહોલ માતમમાં ફેરવાઈ ગયો છે અને પુત્રના લગ્ન બાદ જ સર્જાયેલા આ અકસ્માતના કારણે આખો પરિવાર અને સગાસંબંધીઓમાં પણ શોકનો માહોલ છવાઈ ગયો છે.

આ વિચિત્ર અકસ્માત બાદ ટ્રેલરમાં લાગેલી આગના કારણે આજુબાજુના વિસ્તારોમાં પણ અગનજવાળાઓ ફેલાઈ ગઈ હતી. આગ એટલી ભયાનક હતી કે તાત્કાલિક

તસવીર : કાંતિલાલ લોધા

ઘટનાસ્થળે દોડી ગયેલી ફાયર ફાઈટર અને પોલીસની ટીમને આગ પર કાબુ મેળવવા માટે આ સ્ટેટ હાઈવે પર વાહનોની અવરજવર બંધ કરાવવાની ફરજ પડી હતી.જોકે આગ અંકુશમાં આવ્યા બાદ અકસ્માતગ્રસ્ત વાહનોને દૂર હટાવી પોલીસે આ રોડ પરનો વાહનવ્યવહાર ફરી ચાલુ કરાવી દીધો હતો. આ ઘટનામાં મોતને ભેટેલા ચારેય કમનસીબ મૃતકોની લાશોને પાંથાવાડા ખાતેની રેફરલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મહેસાણા ખાતે આજે પાંચોટ ખાતે રાજ્યકક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાશે

મહેસાણા, તા. ૩૦

મહેસાણા જિલ્લામાં ખેલમહાકુંભ ૨૦૧૮ અંતર્ગત રાજ્યકક્ષાની વોલીબોલ (ભાઈઓ)ની સ્પર્ધા સરદાર પટેલ રમત સંકુલ પાંચોટ ખાતે ૧ ડિસેમ્બરથી ૧૬ ડિસેમ્બર દરમિયાન યોજાનાર છે. જેનો પ્રારંભ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે ૧ ડિસેમ્બરે સવારે ૯ કલાકે પાંચોટ ખાતે કરાવનાર છે.

મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે સ્નેહમિલન સમરોહ મહેસાણા ખાતે નગરપાલિકાના ટાઉનહોલમાં મંગલદીપ પ્રગટાવી કેન્દ્રના પૂર્વમંત્રી અને પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ શુભારંભ કર્યા હતા. તે પ્રસંગની તસવીરમાં પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, રાજ્ય પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હિમાંશુ પટેલ, મહેસાણા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ દરબાર, પ્રદેશ કોંગ્રેસ સમિતિના કિર્તીસિંહ ઝાલા, મહેસાણાના ધારાસભ્યો નજરે પડે છે.

ધનસુરા તાલુકાના ખડોલ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

લોકોની રજુઆતોની કામગીરી ઝડપથી થાય એ માટે સરકારે શરૂ કરેલ સેવાસેતુ કાર્યક્રમથી લોકોને કામગીરી સરળતાથી થઈ રહી છે. સરકારે શરૂ કરેલ સેવાસેતુ કાર્યક્રમના ભાગરૂપે આજે ધનસુરા તાલુકાના ખડોલ ગામે પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમનો આજુબાજુના ૧૫થી વધુ ગામના લોકોએ લાભ લીધો હતો. લોકોની રજુઆતોનો સ્થળ પરજ નિકાલ કરવામાં આવ્યો હતો.

હિંમતનગરનું બ્રહ્માણીનગરના રહીશો વિકાસ ઝંખે છે

સવગઢ પંચાયતમાંથી બ્રહ્માણીનગરને રદ કરી હિંમતનગર પાલિકામાં સમાવવા માંગ

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર નગરપાલિકા વિસ્તાર વધે તે માટે પ્રયાસ થઈ રહ્યો છે. ત્યારે હિંમતનગર પાલિકાના બગલમાં આવેલ કેટલાક વિસ્તારોમાં રહેતા લોકો તે માટે સહમત થઈ રહ્યા છે. ત્યારે મહેતાપુરા વિસ્તારમાં આવેલ બ્રહ્માણીનગરના રહીશો પણ હિંમતનગર પાલિકામાં જોડાવવા માટે તત્પર બન્યા છે તેમનું કહેવું છે કે પંચાયત વિસ્તારમાં આવતુ બ્રહ્માણીનગર વિકાસ ઝંખે છે.

આ અંગે બ્રહ્માણીનગર વિકાસ સમિતિ વતી સવગઢ પંચાયતમાં તાજેતરમાં કરાયેલી લેખીત રજુઆતમાં જણાવાયા મુજબ બ્રહ્માણીનગરની વસ્તી અત્યારે અંદાજે ૩૦૦૦થી વધુની છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી બ્રહ્માણીનગરનું સવગઢ પંચાયતના પેટા પરા તરીકે ગણીને તે વિસ્તાર સવગઢ પંચાયત હસ્તક છે પરંતુ બ્રહ્માણીનગરમાં રહેતા લોકોનું એવુ માનવુ છે કે અમને હિંમતનગર પાલિકા વિસ્તારમાં થતા વિકાસ જેવો લાભ મળતો નથી. વધુમાં એવું પણ જણાવાયુ છે કે બ્રહ્માણીનગરમાં રહેતા લોકોને રોજબરોજ હિંમતનગરમાં કામ અર્થે આવવાનું થાય છે. જેથી બ્રહ્માણીનગરના સર્વે નં. ૬૬, ૭૩, ૭૪ અને ૮૫ થી ૯૯ સુધીના બિનખેતી એટલે કે રહેણાંક વિસ્તારમાં તેઓ રહે છે પરંતુ આ વિસ્તારનો વિકાસ જોઈએ તેટલો થયો ન હોવાનું લોકોનું કહેવુ છે જો બ્રહ્માણીનગરને હિંમતનગર પાલિકામાં સમાવવામાં આવે તો આ વિસ્તારમાં રહેતા લોકોને ખુબજ ફાયદો થઈ શકે તેમ છે.

બ્રહ્માણીનગરમાં રહેતા લોકોની એવી પ્રબળ માંગણી છે કે જો અમને હિંમતનગર નગરપાલિકામાં સમાવવામાં આવે તો તેની ભાવી અસરોથી ખુબજ ફાયદો થાય તેમ છે. ઉપરાંત આ વિસ્તારમાં અત્યારે મળી રહેલી પ્રાથમિક સુવિધાઓમાં પણ વધારો થઈ શકે તેમ છે. જેથી બ્રહ્માણીનગર વિકાસ સમિતિ દ્વારા તાજેતરમાં સવગઢ પંચાયતમાં લેખિત રજુઆત કરીને બ્રહ્માણીનગરને હિંમતનગર પાલિકામાં ભેળવા માટેનો ઠરાવ કરીને તેની જાણ હિંમતનગર પાલિકા તથા બ્રહ્માણીનગર વિકાસ સમિતિને કરવા માટે અરજ કરાઈ છે.

શામળાજી નજીક ખીલોડા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન આરોગ્ય બાદ

શામળાજીમાં ૩૧ વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ, ૪ની હાલત ગંભીર

શામળાજી, તા. ૩૦

મધ્યાહન ભોજન યોજનામાં પ્રાથમિક શાળામાં બાળકોને અપાતા ભોજનમાં મોટા

પાયે ગોલમાલ થતી હોવાની અને હલકી કક્ષાની અખાદ્યની સામગ્રી પૂરી પાડતી હોવાની અનેક બૂમો ઉઠી રહી છે. ત્યારે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની ખીલોડા પ્રાથમિક શાળામાં બાળકોએ મધ્યાહન ભોજન આરોગ્યા બાદ થોડા સમય પછી ફૂડ પોઈઝનિંગની અસર થતા ૩૧ બાળકોને પેટમાં દુખાવા સહીત ઝાડા-ઉલટીની અસર જણાતા ભારે અફડાતફડી મચી હતી. બાળકોને તાબડતોડ શામળાજી રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ૨૭ વિદ્યાર્થીઓ સારવાર આપ્યા બાદ હાલત સ્થિર હોવાનું અને ૪ વિદ્યાર્થીઓને ઝેરી અસર વધુ હોવાથી સઘન સારવાર હાથ ધરી હતી. ફૂડ પોઈઝનિંગ અસરના પગલે ભિલોડા મામલતદાર શામળાજી હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર મામલો દબાવાની કોશિશ થઈ રહી હોવાની વાલીઓએ આક્ષેપ કર્યો હતો.

શામળાજી નજીક આવેલી ખીલોડા પ્રાથિમક શાળામાં ૭૧ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. ગુરુવારે બપોરે શાળામાં મધ્યાહન ભોજનમાં ખીચડી અને ચાના નાસ્તામાં આપવામાં આવ્યા હતા બાળકોએ નાસ્તો અને ભોજન આરોગ્ય બાદ થોડા સમય પછી ૩૧ બાળકોને ફૂડ પોઈઝનિંગ ની અસર થતા તબિયત લથડતા ભારે અફડાતફડી મચી હતી. શાળાના શિક્ષકો દ્વારા તમામ બાળકોને તાબડતોડ શામળાજી રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ તમામ બાળકોની સઘન સારવાર હાથ ધરી ૨૭ બાળકોને ભયમુક્ત જાહેર કર્યા હતા જયારે ૪ બાળકોની હાલત ગંભીર હોવાનું જણાવ્યું હતું. ફૂડ પોઈઝનિંગના અસરના પગલે જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા શાળામાં બાળકોને પીરસવામાં આવેલા મધ્યાહન ભોજન, સામગ્રી અને ચણાના નમૂના મેળવવા અને પીવાના પાણીના નમૂના મેળવવા તજવીજ હાથ ધરી હતી.

આરટીઓ ચોકડી પાસેથી ખનીજ ભરેલા ટ્રેક્ટર પકડાતા ધમકી અપાઈ

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ખનીજ માફીયાઓ બેફામ બનીને સંલગ્ન વિભાગના અધિકારીઓ સાથે ગેરવર્તન કરી ધમકીઓ આપી રહ્યા છે. ત્યારે ત્રણ દિવસ અગાઉ હિંમતનગરની આરટીઓ ચોકડી પાસેથી ગેરકાયદે ખનીજ ભરીને જઈ રહેલા બે ટ્રેક્ટરોને પકડતા તેમના માલિકોએ ખાણખનીજ વિભાગના અધિકારીઓ પર હુમલો કરી ગાળો બોલી સરકારી કામમાં રૂકાવટ ઉભી કરતા બંને જણા વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે ખાણખનીજ વિભાગના સુપરવાઈઝર અંકિતભાઈ પરમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૭ નવેમ્બરના રોજ તેઓએ હિંમતનગરની આરટીઓ ચોકડી પરથી પસાર થઈ રહેલ ખનીજ (સાદી રેતી) ભરેલા બે ટ્રેક્ટરોને ઉભા રખાવવાનો પ્રયાસ કર્યો હતો તેમ છતા ટ્રેક્ટર નં. જીજે.૦૯.બીઈ.૨૫૫૪ તથા અન્ય એક ટ્રેક્ટરને ઉભુ રખાવવાનો પ્રયાસ કર્યો હતો તેમ છતાં બંને ટ્રેક્ટરના ચાલકો ભાગી જવાની પેરવી કરતા હતા. જેથી સુપરવાઈઝરે તેમનો પીછો કરી આ બંને ટ્રેક્ટરને તેમના માલિકના ઘર આગળથી પકડી લીધા હતા.

તો બીજી તરફ આ ટ્રેક્ટરના માલિક સીતાબેન વણઝારા તથા ડ્રાઈવર પ્રકાશભાઈ વણઝારાએ ટ્રેક્ટરની ફોટોગ્રાફી કરી રહેલા સુપરવાઈઝર પર હુમલો કરી ગાળો બોલી ધાકધમકી આપવાનું શરૂ કર્યુ હતુ. તો બીજી તરફ સરકારી કામગીરીમાં રૂકાવટ ઉભી કરવા બદલ સુપરવાઈઝર અંકીતભાઈ પરમારે ખાણકામ હેરપેર તથા માઈન્સ એન્ડ મીનરલ્સ રેગ્યુલેશન ડેવલોપમેન્ટની કલમ ૪(૧)(એ) તથા ૨૧ મુજબ સીતાબેન વણઝારા તથા પ્રકાશભાઈ વણઝારા વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ગામડી નજીક કારે ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર તાલુકાના ગામડી ગામની દૂધ મંડળી નજીકથી પસાર થઈ રહેલ એક કારના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી રોડ ક્રોસ કરી રહેલા એક રાહદારીને હડફેટે લઈ ઈજા પહોંચાડતા તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે અંગેની ફરીયાદ ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

મોડાસામાં ચોરીઓ, લૂંટ પછી ખાડંબામાં દૂધ મંડળી અને મંદિર સહિત પાંચ સ્થળે તાળા તૂટ્યા

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં ચોર લૂંટારુ ગેંગને જાણે મોકળું મેદાન મળી ગયું હોય તેમ ઠેર ઠેર ચોરી, લૂંટની ઘટનાને અંજામ આપી પોલીસતંત્રને પડકાર ફેંકી રહ્યા છે. પોલીસતંત્ર દ્વારા તસ્કરો સામે લાલ આંખ કરવાનો સમય પાકી ગયો છે. લોકોમાં ધીમી પોલીસ તપાસ માટે કચવાટ સાથે અસંતોષ જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જિલ્લામાં ઉપરાછાપરી ચોરીઓના બનાવોએ માઝા મૂકીને લોકોના માલની સુરક્ષા સામે અનેક સવાલો ઉભા કરવા સાથે પોલીસ સામે પડકાર ઉભો કરી દીધો છે. મોડાસા જીઆઈડીસીમાં ૬ લાખના કોપરની ચીરીથી લઈ સતત મોડાસા સહિત જિલ્લામાં ચોરીઓના બનાવો, ધોળે દિવસે લાખોની લૂંટ છતાં પોલીસના પેટનું પાણી હલતું નથી. દરમિયાન ગત રાત્રે ભિલોડા તાલુકાના ખોડંબા ગામે એક જ ગામે એક જ રાત્રીમાં પાંચ સ્થળોના તાળા તોડી તસ્કોએ તરખાટ મચાવ્યો હતો. ગામના બે મંદિર, દુધ મંડળીઅને બે મકાનોને નિશાન બનાવનાર તસ્કરો ઘીના ડબ્બાથીમાંડી પરચુરણ સહિતની ઘર વખરી ઉઠાવી ગયા

હતા.

ભિલોડા તાલુકાના ખોડંબા ગામે ગત બુધવારની રાત્રી એ તસ્કર ટોળકી ઉતરી આવી હતી. ગ્રામજનો જયારે કડકતી ઠંડીમાં મીઠ્ઠી નીંદર માણી રહયા હતા. ત્યારે તસ્કર ટોળકી મધ્યરાત્રીએ ગામમાં ઉતરી આવી ગામની દૂધ મંડળી, મહાદેવ મંદિર, મહાકાલી માતાજીના મંદિર સહિત બે રહેણાંક સ્થળના બંધ મકાનના તાળા તોડી ચકચાર મચાવી હતી. દૂધ મંડળીનું તાળું તોડી તસ્કરો ઘી ભરેલો ડબ્બો ઉઠાવી ગયા હતા.

જયારે હોટલના માલીક બદરીનારાયણભાઈના ઘરનું તાળું તોડી તસ્કરોએ ઘરવખરી વેરન છેરન કરી દીધી હતી. પરંતુ આ ઘરના માલીક ઘરે હાજર ન હોઈ કેટલી મત્તા ચોરાઈ એ જાણી શકાયું ન હતું. ગામમાં આવેલા મહાદેવ મંદિર અને મહાકાલી મંદિરની દાનપેટીઓ સમયસર ખોલી નખાતા મંદીરમા ચોરોનો ફેરો ફોગટ નીવડયો હતો.

શાળાઓમાં ઓનલાઈન હાજરીની કામગીરીમાં સાબરકાંઠા અગ્રેસર

ડીડીઓ અને જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાની ઓચિંતી મુલાકાત લીધી

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા અને બાળકોને તેમનું ઉજ્જવળ ભાવિ બને તે આશયથી અનેક સુધારા વધારાઓ કરાઈ રહ્યા છે. ત્યારે રાજ્ય સરકારે બીજા સત્રના પ્રારંભ સાથે શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરીનો નિયમ બનાવીને તેનો કડક અમલ કરાઈ રહ્યો છે. ત્યારે તેમાં સાબરકાંઠાની ઓનલાઈન હાજરીની કામગીરીએ અગ્રેસર રહીને અન્ય જિલ્લાઓને દિશા સુચન કર્યું છે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયના જણાવાયા મુજબ રાજ્ય સરકાર દ્વારા તમામ શાળાઓમાં બીજા સત્રનો પ્રારંભ થયા પછી વિદ્યાર્થીઓ અને શિક્ષકોની દરરોજ હાજરી પુરવા માટે અગાઉ જે રજીસ્ટર નિભાવવા પડતા હતા તેના કારણે કેટલીક શાળાઓમાં શિક્ષક હાજર ન હોવા છતા તેની હાજરી સ્ટાફની રહેમ નજરથી પુરી દેવામાં આવતી હતી તેવી જ રીતે ગામડાઓમાં જે તે ધોરણમાં ભણતા બાળકો શાળામાં આવ્યા ન હોવા છતા તેમની હાજરી શિક્ષકો દ્વારા પુરી દેવામાં આવતી હતી. જે અંગે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં તમામ શાળાઓમાં ઓનલાઈન હાજરી પુરવાના કરાયેલા આદેશ બાદ સાબરકાંઠા જિલ્લામાં તેનો ગત તા. ૧૯ નવેમ્બરથી અમલ કરાયો છે. તો બીજી તરફ આ અંગે ગુરૂવારે ચકાસણી કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી તથા શિક્ષણાધિકારીએ હિંમતનગર તાલુકાના પોલાજપુર ગામે આવેલ પ્રાથમિક શાળાની મુલાકાત લઈને ઓનલાઈન કામગીરીની ચકાસણી કરી હતી તથા બાળકો અને શિક્ષકો સાથે વાર્તાલાપ કરીને કેટલીક જાણકારી આપી હતી.

પ્રાંતિજના વેપારીઓને સી.ઓ. દ્વારા આપવામાં આવેલ નોટીસો ધૂળ ખાય છે

નગરપાલિકાના શોપીંગ સેન્ટરમાં જ સી.ઓ.એ નમતું જોખ્યુ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લાં છ મહિનાઓથી ટ્રાફિકની સમસ્યાને લઈને બજારમાં આવેલ

નળતરરૂપ વેપારીઓને નગર પાલિકાના સીઓ દ્વારા આપવામાં આવેલ નોટીસો વેપારીઓને ત્યાં ધૂળ ખાઈને પડી છે. તો પાલિકા સીઓ દ્વારા માત્ર નોટીસ આપી સંતોષ માન્યો હોય તેમ હાલ તો સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

પ્રાંતિજ બજારમાં દિવસેને દિવસે દબાણમા વધારો થતાં ટ્રાફિકની સમસ્યામાં વધારો થયો છે. પ્રાંતિજ નગર પાલિકામાં જાગરૂક નગરજનોની રજુઆત બાદ પ્રાંતિજ પાલિકાના સીઓ દ્વારા બજારમાં આવેલ ૧૮૨ જેટલાં દુકાન માલિકોને આજથી છ મહિના પહેલાં દુકાન આગળ રહેલ નળતરરૂપ બોર્ડ, સેડ વગેરે નળતરરૂપ દુકાનદારોને તથા નગરપાલિકાના પોતાના જ શોપિંગ સેન્ટરમાં બનાવેલ દુકાનોમા દુકાનદારો દ્વારા શરતભંગ કર્યાની પાલિકા સીઓ દ્વારા તથા બજારમાં દબાણ કરતાં વેપારીઓને પણ સીઓ દ્વારા નોટીસો આપવામાં આવી હતી અને નોટીસો આપ્યાને છ મહિના ઉપર થયા અને નોટીસો ઉપર પણ ધુળ જામી છે ત્યારે સીઓ દ્વારા જાણે નોટીસ આપીને ભુલી ગયા હોય તેવું હાલ તો સ્પષ્ટ પણે જણાઈ આવે છે. સીઓ પાસે ઓફિસ બહાર નિકળવાનો ટાઈમ પણ નથી અને સીઓ પાલિકાના શોપીંગમાં આવેલ વેપારીઓને સાચવવા માટે જાણી જોઈને ભુલતા હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ અંગે પ્રાંતિજ નગર પાલિકા સીઓનો ટેલીફોન સંપર્ક કરતાં તેવોએ જણાવ્યું કે અમે તો તૈયાર છીએ પણ પોલિસ બંદોબસ્ત માંગ્યો છે પણ ના મળતાં હાલ કાર્યવાહી કરવામાં આવી નથી તો પાલિકાના શોપીંગમાં જ ખુદ પાલિકા શરત ભંગ કરનાર વેપારીઓ તથા બજારમાં દબાણ કરવા આવેલ વેપારીઓ સામે હાલ તો ગુઠળ ટેકયા હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે.